### તરસાલી બાયપાસ પર HIT&RUNની બે ઘટના સર્જાઈ

# બસ મહિલા પર ફરી વળતા ઘટનાસ્થળે મોત

## દોઢ કલાક સુધી એમ્બ્યુલન્સ ન પહોંચતા જાગૃતિબેનનો મૃતદેહ રસ્તા પર રઝળ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 વડોદરામાં બેફામ દોડતા ભારે વાહનો જાણે યમદૂત બન્યા હોય તેમ અકસ્માતોનો ગ્રાફ સતત



ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ગઈકાલે મોડી રાત્રે શહેરના તરસાલી બાયપાસથી જાંબુવા બ્રિજ તરફ જતા માર્ગ પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક ખાનગી લક્ઝરી બસના ચાલકે રોડની સાઈડમાં ઉભેલા આધેડ મહિલાને અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે અરેરાટી સાથે તંત્ર સામે પ્રચંડ રોષ ફાટી નીકળ્યો હતો. તરસાલી વિસ્તારમાં આવેલી હરી દર્શન સોસાયટીમાં રહેતા જાગૃતિબેન અનિલભાઈ પંડ્યા તેમના પુત્ર સાથે એક્ટિવા પર જઈ રહ્યા હતા. રાત્રિના આશરે 11:30 થી 12:00 વાગ્યાની આસપાસ બાલાજી પેટ્રોલ પંપ નજીકથી પસાર થતી વખતે જાગૃતિબેનને અચાનક ગભરામણ થવા લાગી હતી. જેથી તેમના પુત્રએ સાવચેતીના ભાગરૂપે એક્ટિવાને રોડની એકદમ સાઈડમાં ઊભી રાખી હતી. જાગૃતિબેન એક્ટિવા પરથી ઉતરીને હજુ તો રોડની સાઈડમાં ઉભા જ રહ્યા હતા, ત્યાં જ જાણે કાળ ત્રાટક્યો હોય તેમ પાછળથી પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક ખાનગી લક્ઝરી બસના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે જાગૃતિબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને બસ ચાલક અંધારાનો લાભ ઉઠાવી વાહન સાથે ત્યાંથી નાસી છૂટ્યો હતો.

### ટ્રકે બાઈક સવાર યુવકને કચડ્યો

તરસાલી બાયપાસથી કપુરાઈ બ્રિજ તરફ જતા રોડ પર બની હતી. એક યુવક પોતાની મોટરસાયકલ લઈને આ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રકના ચાલકે બાઈક સવારને જોરદાર



ટક્કર મારી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતાની સાથે જ યુવક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો. આ દરમિયાન પાછળ જ આવી રહેલી અન્ય એક બેફામ ટ્રકના ચાલકે રોડ પર પડેલા યુવક પર ટ્રકના વ્હીલ ફેરવી દીધા હતા. બે-બે ટ્રકની અડફેટમાં આવી જતાં બાઈક સવાર યુવકનું ઘટનાસ્થળે જ કાળજું કંપાવી દે તેવું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જનાર બંને ટ્રકના ચાલકો માનવતા નેવે મૂકીને પોતપોતાના વાહનો સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ જાણવા મળ્યું હતું કે મૃતક યુવકનું નામ સુભાષ હતું.

### બાઈક સહિત કુલ રૂ. 2.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

# અકોટાના દેરાસરમાંથી મૂર્તિઓ ચોરનાર દાહોદની ત્રિપુટી ગોલ્ડન ચોકડીથી ઝડપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4 વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે અકોટા વિસ્તારના જૈન દેરાસરમાં થયેલી પ્રાચીન મૂર્તિ ચોરીનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આરોપીઓ વિજય ભુરાભાઈ ભીખાભાઈ સંગાડા (ઉં.25), ધર્મેશભાઈ નુરજીભાઈ માવી (ઉં.21) અને સુનીલ છતરભાઈ મલાભાઈ ડાંગી (ઉં.20) હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેમની પાસેથી પંચધાતુની બે પ્રાચીન પ્રતિમાઓ, એક પંચધાતુનું ચક્ર, સોનાનું પ્લેટિંગ કરેલો ચાંદીનો મુગટ, અમેરિકન ડાયમંડની માળા, બાઈક અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 2.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ગત 29-30 મે દરમિયાન અકોટાની ચેતન સોસાયટી સ્થિત મકાન દેરાસરની બારી તોડી તસ્કરો અંદર ઘૂસ્યા હતા. તેમણે આશરે 540 વર્ષ



જૂની સુમતિનાથ અને શાંતિનાથ ભગવાનની પંચધાતુની પ્રતિમાઓ તેમજ અન્ય કિંમતી ધાર્મિક સામાનની ચોરી કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ક્રાઈમ બ્રાન્ચે અલગ-અલગ ટીમો બનાવી આશરે 100 જેટલા સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ગોલ્ડન ચોકડી નજીક વોચ ગોઠવી ત્રણેય આરોપીઓને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ચોરાયેલો મુદ્દામાલ મળી આવ્યો હતો અને આકરી પૂછપરછ દરમિયાન તેમણે ચોરીની કબૂલાત કરી હતી. ત્રણેય આરોપીઓ મૂળ દાહોદ જિલ્લાના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે વધુ તપાસ માટે આરોપીઓને અકોટા પોલીસ સ્ટેશનને સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે.

### જૂની અદાવતે ચાર શખ્સોએ ઘાત લગાવી પાઇપ અને લાકડીથી હુમલો કર્યો

# 'ગાડીમાં બ્રેક નથી' કહી નિઝામપુરામાં પિતા-પુત્ર અને કાકા પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 શહેરના નિઝામપુરા વિસ્તારમાં જૂની અદાવત રાખીને પિતા, પુત્ર અને કાકા પર ચાર જેટલા અસામાજિક તત્વો દ્વારા હિંસક હુમલો કરી મારામારી આચરવામાં આવી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હુમલાખોરોએ 'તારી ગાડીને બ્રેક નથી' તેવું નજીવું બહાનુ આગળ ધરીને ઝઘડો શરૂ કર્યો હતો અને લોખંડના પાઈપ તેમજ લાકડીઓ વડે બેરહેમીપૂર્વક માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ચકચારી ઘટના અંગે ભોગ બનનાર પરિવારે સ્થાનિક પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના નવા યાર્ડ વિસ્તારના જૂના છાણી રોડ પર આવેલા લાલપુરા ખાતે મુકેશભાઈ ગોહિલ અને તેમનો પુત્ર કરણ ગોહિલ 'બસંતી પાન હાઉસ' તથા નાસ્તાની લારી ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. રાત્રિના સમયે પિતા-પુત્ર પોતાનો વેપાર-ધંધો બંધ કરીને મોટરસાયકલ પર સવાર થઈને ઘરે પરત ફરી રહ્યા હતા.

આ દરમિયાન નિઝામપુરા નારી સંરક્ષણ ગૃહ નજીક આવેલા પટેલ ફળિયાના નાકે અગાઉથી જ ઘાત લગાવીને બેઠેલા હુમલાખોરોએ તેમને રસ્તામાં આંતર્યા હતા. સ્થાનિક પટેલ ફળિયામાં જ રહેતા પ્રતીક, જીગ્નેશ અને પુષ્પેન્દ્ર ઉર્ફે પિન્ટુ સહિતના ચાર શખ્સોએ પિતા-પુત્રને રોકીને 'તારી ગાડીને બ્રેક નથી' તેમ કહી ગાળાગાળી શરૂ કરી દીધી હતી. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે લોખંડના પાઈપ અને લાકડીઓ વડે પિતા મુકેશભાઈ અને પુત્ર કરણ પર તૂટી પડ્યા હતા. આ ઝઘડાની જાણ થતાં જ કરણના કાકા પણ પરિવારના બચાવ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, પરંતુ ઉશ્કેરાયેલા હુમલાખોરોએ તેમને પણ છોડ્યા નહોતા અને તેમની પર પણ જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ભરચક વિસ્તારમાં જાહેરમાં થયેલી આ મારામારીને પગલે આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા.

લોકોનું ટોળું ભેગું થતાં જ હુમલો કરનાર ચારેય ઈસમો ભોગ બનનાર પિતા-પુત્ર અને કાકાને 'જો હવે પછી આ વિસ્તારમાં દેખાયા છો તો જાનથી મારી નાખીશું' તેવી ગર્ભિત ધમકી આપીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં ઘવાયેલા ત્રણેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### કલાલી-મકરપુરા વિસ્તારમાં ઘર આંગણે જ સાપ કરડ્યાં

# શહેરમાં બે લોકોને સાપ કરડતા હોસ્પિટલ ભેગા

**સાપ અને** ઝેરી જીવજંતુઓ નીકળવાની ઘટનાઓ માં વધારો

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 કલાલી વિસ્તારમાં આવેલા ચાણક્યનગરી, વુડા હાઉસિંગમાં રહેતા 40 વર્ષીય પારુભાઈ મડિયાભાઈ મેડા પોતાના ઘરની નજીક હાજર હતા. આ દરમિયાન અચાનક એક અજ્ઞાત સાપે તેમના જમણા પગે દંશ માર્યો હતો. સાપ કરડ્યાની જાણ થતાં જ આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને પારુભાઈને ત્વરિત સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યારે મકરપુરા વિસ્તારમાંથી આવો જ બીજો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મકરપુરાની જશોદા કોલોની, જયરામનગરમાં રહેતા 20 વર્ષીય યુવક રાજકુમાર તુજીતપ્રતાપ પોતાના ઘર પાસે ઉભા હતા, ત્યારે એક સાપે તેમના જમણા પગે બચકું ભરી લીધું હતું. યુવકે બૂમાબૂમ કરતા પરિવારજનો દોડી આવ્યા હતા અને તેને પણ તાત્કાલિક સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. રોજેરોજ વડોદરા શહેર તેમજ ગ્રામ્ય પંથકમાંથી સાપ, વીંછી અને અન્ય ઝેરી જીવજંતુઓ કરડવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, જે હવે ભારે ચિંતાનો વિષય બન્યો છે. ઉનાળાની અસહ્ય ગરમી અને આગામી ચોમાસાની ઋતુના આગમન પૂર્વે જમીનમાંથી બહાર નીકળતા સાપ રહેણાંક વિસ્તારો તરફ વળી રહ્યા છે. સોસાયટીઓમાં ખુલ્લા પ્લોટ, કચરાના ઢગલા અને ઉગી નીકળેલું ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય આવા ઝેરી જીવો માટે આશ્રયસ્થાન બની ગયું છે.

### પડોશના લગ્ન પ્રસંગમાં કડવો અનુભવ

# વરઘોડાના લાઉડ સ્પીકરનો વિરોધ કરવો ભારે પડ્યો, સોફ્ટવેર એન્જિનિયર પર હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 શહેરમાં લગ્નસરાની મોસમ વચ્ચે ડીજે અને લાઉડ સ્પીકરના કાન ફાડી નાખતા અવાજો સામાન્ય નાગરિકો માટે મુશ્કેલીનું કારણ બની રહ્યા છે, ત્યારે વડોદરાના વડસર વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પડોશમાં નીકળેલા લગ્નના વરઘોડામાં અતિશય મોટા અવાજે વાગી રહેલા લાઉડ સ્પીકરના કારણે ગભરાઈને રડી રહેલા પોતાના માસૂમ બાળક માટે રજૂઆત કરવા ગયેલા એક સોફ્ટવેર એન્જિનિયરને ભારે પડી ગયું હતું. વરઘોડામાં સામેલ અસામાજિક તત્વોએ ઉશ્કેરાઈને એન્જિનિયર યુવકની નિર્મમતાપૂર્વક ધોલાઈ કરી નાખી હતી. આ ચકચારી ઘટના અંગે ભોગ બનનાર યુવકે માંજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રો અને ઘટનાની વિગત અનુસાર, હાલ વડોદરાના વડસર વિસ્તારમાં આવેલા 'ડ્રીમ આત્માન' સોસાયટીમાં રહેતા વિશાલ અરુણભાઈ પ્રજાપતિ વ્યવસાએ એન્જિનિયર છે. ગત રાત્રિએ તેમના પડોશમાં એક પરિવારમાં લગ્ન પ્રસંગ હોવાથી ત્યાં વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વરઘોડામાં નિયમોને નેવે મૂકીને અત્યંત ઘોંઘાટિયા અને મોટા અવાજ સાથે લાઉડ સ્પીકર વગાડવામાં આવી રહ્યું હતું. સ્પીકરના આ ભયાનક અવાજ અને ધ્રુજારીના કારણે વિશાલભાઈનો નાનો પુત્ર ખૂબ જ ગભરાઈ ગયો હતો અને ડરના માર્યા જોરજોરથી રડવા લાગ્યો હતો. બાળકને શાંત રાખવાના તમામ પ્રયાસો નિષ્ફળ જતાં, વિશાલભાઈ પડોશીના ઘરે ચાલી રહેલા આ વરઘોડામાં સ્પીકરનો અવાજ થોડો ધીમો કરવા માટે વિનંતી કરવા ગયા હતા. જો કે, શાંતિપૂર્વક રજૂઆત કરવા ગયેલા એન્જિનિયર વિશાલભાઈની વાત સાંભળીને વરઘોડાના આયોજકો અથવા તેમાં નાચતા લોકો સમજાવટના બદલે પિત્તો ગુમાવી બેઠા હતા. વરઘોડામાં હાજર બે અજાણ્યા શખ્સો એકાએક ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે વિશાલભાઈ સાથે ગાળાગાળી કરી હુમલો કરી દીધો હતો. આ બંને ઈસમોએ એન્જિનિયર યુવકને રસ્તા પર જ બેરહેમીથી માર મારતા ભારે ધોલાઈ કરી નાખી હતી. હુમલાને કારણે વિશાલભાઈને શરીરના ભાગે નાની- મોટી ઈજાઓ પહોંચી હતી. આ અણધાર્યા હુમલાથી આસપાસના રહીશોમાં પણ અરેરાટી વ્યાપી ગઈ હતી. ઈજાગ્રસ્ત એન્જિનિયરે તાત્કાલિક આ અંગે માંજલપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો અને હુમલાખોરો વિરૂદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી.

### ડાયરેક્ટ મોટર મૂકનારાઓ સામે કાર્યવાહી, દંડ વસૂલ કરાશે

# ૫ ગેરકાયદેસર નળ કનેક્શન ઝડપાયા, મોટર જપ્ત કરાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અલગ-અલગ ઝોન વાઈઝ પાણીની ટાંકીઓ અને બુસ્ટીંગ સ્ટેશનો મારફતે સવાર-સાંજ નિયત સમયે પાણીનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ કેટલાક વિસ્તારોમાં નાગરિકો દ્વારા લેવામાં આવેલા ગેરકાયદેસર કનેક્શન અને પાણીની મુખ્ય લાઈનો પર સીધી જ મોટર મૂકીને પાણી ખેંચવાની પ્રવૃત્તિ વધી ગઈ છે. આ કારણોસર અન્ય સામાન્ય નાગરિકોને પૂરતું પાણી મળતું નથી અથવા ખૂબ જ ઓછા પ્રેશરથી પાણી મળતું હોવાની ફરિયાદો સ્થાનિકો તેમજ મ્યુનિસિપલ કાઉન્સિલરો દ્વારા વારંવાર કરવામાં આવી છે. નાગરિકોની આ ફરિયાદોને ધ્યાનમાં લઈને વડોદરા મહાનગરપાલિકા હવે કડક કાર્યવાહી કરવા જઈ રહી છે. પાલિકાના ચારેય ઝોનની વહીવટી વોર્ડ શાખાઓ દ્વારા ગેરકાયદેસર જોડાણો કાપવાની ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, ડાયરેક્ટ મોટર લગાવીને પાણી ખેંચતા લોકો સામે કાર્યવાહી કરવા માટે ખાસ સ્ક્વોડ બનાવવામાં આવી છે, જે આવી મોટરો જપ્ત કરશે અને સંબંધિત આસામીઓ પાસેથી વહીવટી ચાર્જ વસૂલ કરશે.

ઉલ્લેખનિય છે કે, પાણીની મુખ્ય લાઈન પર સીધી મોટર લગાવીને પાણી ખેંચવાની પ્રવૃત્તિ માત્ર નિયમોનો ભંગ જ નથી, પરંતુ અન્ય નાગરિકોના હક પર પણ અસર કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ ડાયરેક્ટ મોટર દ્વારા વધુ દબાણથી પાણી ખેંચે છે ત્યારે તે વિસ્તારમાં પાણીનું પ્રેશર ઘટી જાય છે. પરિણામે આસપાસના મકાનોમાં પૂરતું પાણી પહોંચતું નથી અથવા ખૂબ ઓછા દબાણથી મળે છે. ખાસ કરીને ઊંચી ઈમારતો, અંતિમ છેડાના વિસ્તારો અને સામાન્ય ઘરેલુ ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

## મોંઘવારીના વિરોધમાં SUCI (C) દ્વારા કલેક્ટરને આવેદનપત્ર

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 દેશમાં સતત વધી રહેલી મોંઘવારી, ઘટતી જતી રોજગારી અને જીવનજરૂરી ચીજવસ્તુઓના આસમાને આંબતા ભાવો સામે જનતાનો આક્રોશ હવે શેરીઓ સુધી પહોંચી ગયો છે. આજે વડોદરા ખાતે 'સોશ્યાલિસ્ટ યુનિટી સેન્ટર ઑફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ)' ની વડોદરા જિલ્લા સાંગઠનિક કમિટી દ્વારા દેશના કરોડો શ્રમિકો, ખેડૂતો, મધ્યમવર્ગીય પરિવારો અને સામાન્ય નાગરિકોના હિતમાં એક ધારદાર આવેદનપત્ર જિલ્લા કલેક્ટર કચેરી મારફતે ભારતના વડાપ્રધાનને મોકલવામાં આવ્યું છે. પક્ષના સેક્રેટરી તપન દાસગુપ્તાની આગેવાની હેઠળ રજૂ કરાયેલા આ આવેદનપત્રમાં સરકારની આર્થિક નીતિઓ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે અને ચેતવણી આપવામાં આવી છે કે જો આ લોકવિરોધી ભાવવધારો પાછો ખેંચવામાં નહીં આવે તો દેશવ્યાપી જનઆંદોલન છેડવામાં આવશે.

### આગે આગે દેખીયે હોતા હૈ ક્યા । સ્થાનિકોમાં તંત્ર સામે ભારે આક્રોશ

# વરસાદ વિના જ જેતલપુર અંડરબ્રિજ સ્વિમિંગ પૂલ, પાલિકાની પોલ ખુલી!

**ગરનાળામાં** પાણી ભરાતા રાહદારીઓ અને વાહનચાલકો અટવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.4 ચોમાસાની હજુ સત્તાવાર શરૂઆત થઈ નથી અને શહેરમાં ક્યાંય વરસાદનું ટીપું પણ પડ્યું નથી, છતાં વડોદરા મહાનગરપાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ ધોવાઈ ગયા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. શહેરના વ્યસ્ત ગણાતા જેતલપુર વિસ્તારના ગરનાળામાં અચાનક ઢીંચણસમા પાણી ભરાઈ જતાં સ્થાનિકો, રાહદારીઓ અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ વિચિત્ર પરિસ્થિતિને પગલે સમગ્ર વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને લોકોમાં તંત્રની બેદરકારી સામે ભારે આક્રોશ જોવા મળ્યો છે. સામાન્ય રીતે ચોમાસા દરમિયાન ભારે



વરસાદ પડે ત્યારે ગરનાળાઓમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હોય છે, પરંતુ આ વખતે કોઈ પણ પ્રકારના વરસાદ વગર જ જેતલપુર ગરનાળું પાણીથી લબાલબ ભરાઈ ગયું હતું. સવારના સમયે નોકરી-ધંધે અને શાળા-કોલેજે જવા નીકળેલા નાગરિકો જ્યારે ગરનાળા પાસે પહોંચ્યા ત્યારે ત્યાં પાણી ભરેલું જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અનેક દ્વિચક્રી વાહનો ગરનાળાના પાણીમાં બંધ પડી ગયા હતા, જેના કારણે લોકોને વાહનો ધક્કો મારીને બહાર કાઢવાની ફરજ પડી હતી. રસ્તો બ્લોક થઈ જવાને કારણે વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓએ તંત્ર સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે,શુ તંત્રની પ્રિમોન્સૂન કામગીરી માત્ર કાગળનો વાઘ છે ? આ જોતા નિષ્ફળ તંત્ર વધુ એક વખત આવતા વર્ષે પાણી નહીં ભરાયની હાસ્યાસ્પદ હૈયાધારણા આપે તો નવાઈ નહીં.

### ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હવે 8 જૂન

# મદદનીશ કેળવણી નિરીક્ષક ભરતી ઉમેદવારો માટે મોટી રાહત મળી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.4 મદદનીશ કેળવણી નિરીક્ષક વર્ગ-3 ની ખાલી જગ્યાઓ ભરવા માટે યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા હજારો ઉમેદવારો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા મદદનીશ કેળવણી નિરીક્ષકની પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત લંબાવીને 8 જૂન 2026 સુધીની કરવામાં આવી છે. અગાઉ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પૂરી થઈ રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ઉમેદવારોએ બોર્ડ સમક્ષ રજૂઆત કરી હતી કે વેબસાઈટ પર સર્વર ધીમું ચાલવું, લોગિન ન થવું, દસ્તાવેજ અપલોડ ન થવા જેવી તકનીકી સમસ્યાઓના કારણે તેઓ સમયમર્યાદામાં ફોર્મ ભરી શક્યા નથી. ગ્રામ્ય વિસ્તારના ઘણા ઉમેદવારોને ઈન્ટરનેટ અને કોમ્પ્યુટરની સુવિધા મોડી મળતા પણ અરજી કરવામાં વિલંબ થયો હતો. ઉમેદવારોની આ રજૂઆતોને ધ્યાને લઈ અને વધુમાં વધુ લાયક ઉમેદવારોને તક મળે તે હેતુથી રાજ્ય પરીક્ષા બોર્ડે માનવીય અભિગમ દાખવી ફોર્મ ભરવાની મુદતમાં 5 દિવસનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરાત મુજબ નિયત શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા ધરાવતા તમામ ઉમેદવારો રાજ્ય પરીક્ષા બોર્ડની અધિકૃત વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરી શકશે. અરજી કરતા પહેલા ઉમેદવારોએ જાહેરાત, સૂચનાઓ અને લાયકાતના ધોરણો કાળજીપૂર્વક વાંચી લેવા જરૂરી છે. રાજ્ય પરીક્ષા બોર્ડે ઉમેદવારોને ખાસ તાકીદ કરી છે કે, છેલ્લી ઘડીની રાહ જોયા વિના વહેલી તકે ફોર્મ ભરી દેવા. કારણ કે છેલ્લા દિવસે વેબસાઈટ પર વધુ પડતો ટ્રાફિક આવતા સર્વર ડાઉન થવાની કે ફોર્મ સબમિટ ન થવાની સમસ્યા સર્જાઈ શકે છે.

**ઘોર નિષ્કાળજી** SSGમાં લાખોના ખર્ચે લાવેલા એર કૂલરો કયા ખૂણામાં ધૂળ ખાય છે ?

# એક્સ-રે વિભાગમાં પંખા બંધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.3 મધ્ય ગુજરાત સહિત આસપાસના જિલ્લાઓ અને સરહદી રાજ્યોના ગરીબ તથા મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદ સમાન ગણાતી વડોદરા શહેરની સૌથી મોટી સરકારી હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. હોસ્પિટલ તંત્રની વધુ એક સંવેદનહીનતા અને ગંભીર બેદરકારી સામે આવતા દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કાળઝાળ ગરમીની આ મોસમમાં હોસ્પિટલના અતિ મહત્વના એવા એક્સ-રે વિભાગના પરિસરમાં પંખાઓ બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે, જેના કારણે દર્દીઓ નર્કાગાર જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ, એક્સ-રે વિભાગની બહાર વહેલી સવારથી જ દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.

અકસ્માતનો ભોગ બનેલા, હાડકાની ગંભીર ઈજાઓ ધરાવતા કે અશક્ત દર્દીઓ કલાકો સુધી પોતાની વારી



આવવાની રાહ જોતા હોય છે. આવા સમયે, હોસ્પિટલ વહીવટી તંત્રની ફરજ બને છે કે તેઓને પાયાની સુવિધાઓ મળે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ વિભાગના વેઈટિંગ એરિયામાં લાગેલા પંખાઓ શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. અસહ્ય ઉકળાટ અને ભીષણ ગરમી વચ્ચે દર્દીઓ અને તેમના પરિવારજનો પરસેવે રેબઝેબ થઈને ગરમીમાં શેકાવા મજબૂર બન્યા છે. સૌથી મોટો અને ચોંકાવનારો સવાલ એ ઊભો થાય છે કે, દર વર્ષે ઉનાળાની શરૂઆતમાં હોસ્પિટલ સત્તાધીશો દ્વારા દર્દીઓની સુવિધા માટે લાખો રૂપિયાના ખર્ચે મોટા-મોટા એર કૂલરો ભાડા પેટે લેવામાં આવે છે. સરકારી ચોપડે આ કૂલરો પાછળ જંગી રકમ ઉધારાઈ જાય છે, પરંતુ ધરાતલ પર પરિસ્થિતિ બિલકુલ વિપરીત છે. હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસીને વ્યવસ્થાઓના મોટા-મોટા દાવાઓ કરે છે, પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર ગરીબ જનતા રામભરોસે છે. એક્સ-રે વિભાગમાં પંખા રિપેર કરાવવાની તસ્દી પણ તંત્ર દ્વારા લેવામાં આવતી નથી, જે વહીવટી નિષ્ક્રિયતાની પરાકાષ્ઠા દર્શાવે છે. હવે જોવાનું એ રહેશે કે આ સમાચાર વહેતા થયા બાદ ઘોર નિદ્રામાં સૂતેલું હોસ્પિટલ તંત્ર જાગશે ખરું ? શું એક્સ-રે વિભાગના પંખાઓ તાત્કાલિક ચાલુ કરવામાં આવશે ? અને સૌથી અગત્યનું... લાખો રૂપિયાના ભાડાના કૂલરો દર્દીઓની સેવામાં ક્યારે હાજર થશે, કે પછી આ ભ્રષ્ટાચાર અને બેદરકારીનો સિલસિલો આમ જ ચાલતો રહેશે ? જનતા હવે તંત્ર પાસે જવાબ માંગી રહી છે.

### પોલીસે કાર્યવાહી હાથ ધરી

# દાહોદ રામાનંદ પાર્ક પાસે કૂવામાંથી મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ), દાહોદ. તા.4 દાહોદ શહેરના રામાનંદ પાર્ક થી ઈન્દોર હાઈવે તરફ જતા રસ્તા પર આવેલ ખેતરમાં કાળુભાઈ માળીના કુવામાં અજાણ્યા વ્યક્તિનું મૃતદેહ મળી આવ્યો આજુ બાજુ માં રહેતા લોકો સવારે કુવા પર પાણી ભરવા ગયા તે દરમિયાન તેઓને કુવામાં મૃતદેહ જોવાતા તેઓ ચોકી ઉઠ્યા હતા તાત્કાલિક તેઓએ ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસની ટીમ અહીં ઘટના સ્થળે પહોંચી હતી અને ત્યારબાદ જે મૃતદેહ છે તેને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી તેઓએ દાહોદ નગરપાલિકાની ફાયરની ટીમને જાણ થતા ફાયર ની ટીમ તાત્કાલિક અહીં પહોંચી હતી અને કુવામાં પડેલા મૃતદેને બહાર કાઢવામાં આવ્યો હતો વ્યક્તિ કોણ છે અને ક્યાં રહે



છે તે આસપાસના વિસ્તારમાં તપાસ કરાઈ હતી પણ કોઈપણ તેઓને ન ઓળખાણ મળતા અજાણ્ય વ્યક્તિ હોવાનું સામે આવતા પોલીસે મૃતદેહ ને એમ્બ્યુલન્સની મદદથી દાહોદના ઝાયડસ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ લઈ જવામાં આવ્યા હતા અને અજાણ્ય વ્યક્તિ કોણ છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી હતી..

### વડોદરામાં વહીવટી તંત્રની કાર્યવાહી

# શહેરના વિવિધ વિસ્તારોમાંથી દબાણો દૂર કરાયા, સામાન અને વાહન જપ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.4 વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિક અને સામાન્ય જનતાને નડતરરૂપ થતા દબાણો સામે એક ઝુંબેશ ચલાવવામાં આવી છે. પાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ વિરૂદ્ધ કડક હાથે કામગીરી કરીને દબાણો દૂર કરવામાં આવ્યા હતા. શહેરના મુખ્ય વિસ્તારો અને અલગ-અલગ વોર્ડની ટીમોને સાથે રાખીને આ વ્યાપક દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા કમાટીબાગ ગેટ નંબર 1 અને 2 થી લઈને કમિશનર બંગલા સુધીના માર્ગ પરથી નડતરરૂપ દબાણો હટાવવામાં આવ્યા હતા. વોર્ડ નં. 13 ની ટીમને સાથે રાખીને જયરત્ન બિલ્ડીંગથી ખંડેરાવ માર્કેટ



પાછળના ભાગમાં, તેમજ માર્કેટ ચાર રસ્તાથી કમિશનર ગેટ સુધી ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઉપરાંત ગાંધીનગર ગૃહ, જ્યુબેલી બાગથી ટાવર ચાર રસ્તા, કોઠી ચાર રસ્તા, એસ.એસ.જી. હોસ્પિટલ થઈને ખાસવાડી સુધી તેમજ અમદાવાદી પોળથી ખાસવાડી સ્મશાન સુધીના રસ્તામાં આવતા તમામ દબાણો દૂર કરી દેવામાં આવ્યા છે અને ત્યાંથી સામાન પણ જમા લેવામાં આવ્યો છે. એરપોર્ટથી શરૂ કરીને માણેક પાર્ક સર્કલ, અમિત નગર બ્રિજ, એલ એન્ડ ટી સર્કલ થઈને ઈ.એમ.ઈ. સર્કલ સુધીના રાજમાર્ગો પરથી પણ દબાણો હટાવવાની સઘન કામગીરી કરવામાં આવી હતી. આ વોર્ડની ટીમે પદ્માવતી શોપિંગ સેન્ટરની બાજુમાં, લાલકોર્ટ ન્યાયમંદિર દરવાજા પાસે, પ્રતાપનગર ટોકીઝ પાસે તેમજ લહેરીપુરા ગેટથી માંડવી અને ગેંડી ગેટ સુધીના ઐતિહાસિક અને ગીચ વિસ્તારોમાંથી નડતરરૂપ દબાણો દૂર કર્યા હતા અને તંત્ર દ્વારા સામાન જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વોર્ડ નંબર 4 ની ટીમ દ્વારા પણ આ ઝુંબેશ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં સરદાર એસ્ટેટ ચાર રસ્તા પાસેથી રસ્તા પર નડતરરૂપ હાલતમાં પડેલી 1 ભંગાર ફોર-વ્હીલર ગાડી જપ્ત કરવામાં આવી હતી.